**નિત્ય આરાધના વિધિ**

**(રાત્રે સુતી વખતે)**

**સાત નવકાર ગણીને નીચે પ્રમાણે પ્રાર્થના કરવી.**

શ્રી અરિહંત પરમાત્માનું શરણ હો ।

શ્રી સિદ્ધ પરમાત્માનું શરણ હો ।

શ્રી સાધુ ભગવંતોનું શરણ હો ।

શ્રી કેવલી-પ્રરૂપિત ધર્મનું શરણ હો ।

**એગો મે સાસઓ અપ્પા નાણદંસાણ સંજુઓ**
**સેસા મે બહિરાભાવા સવ્વે સંજોગ લખ્ખણા ॥1॥**

એક મારો આત્મા શાશ્વત છે । જ્ઞાન દર્શન મારા ગુણો છે તે સિવાયબધા પૌદ્ગલિક સંજોગો, સંબંધો, ધન, સ્ત્રી, કુટુંબ વિગેરે આત્માથી જુદા છે, સાથે આવ્યા નથી, આવશે નહીં, સાથે કેવલ એક શ્રી જિનેશ્વર દેવનો ધર્મ જ આવશે.

**આહર-શરીરને ઉપધિ પચ્ચક્ખું પાપ અઢાર**
**મરણ આવે તો વોસિરે જીવું તો આગાર ॥2॥**

આજ દિવસથી મારા જીવે જે કાંઇ પુદ્ગલો ગ્રહણ કરીને મૂક્યા હોય તેને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું, વોસિરાવું છું, વોસિરાવું છું !

હે જગતદ્વત્સલ ! ભવચક્રમાં આજ દિન પર્યંત મારા જીવે આપશ્રીની આજ્ઞા અનુસાર જે કાંઈ આરાધન કર્યું હોય, કરાવ્યું હોય, કરતાનું અનુમોદન કર્યું હોય તેનું હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદન કરું છું, અનુમોદન કરું છું, અનુમોદન કરું છું.

આપશ્રીની આજ્ઞાનુસાર જ્યાં-જયાં આરાધન થઈ હોય, થતું હોય, થવાની હોય તેનું હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદન કરું છું, અનુમોદન કરું છું, અનુમોદન કરું છું.

હું સર્વ જીવોને ખમાવું છું, સર્વો જીવો મને ખમાવે, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ હું આલોચન કરું છું, મારે કોઈની સાથે વેર વિરોધ નથી. ચૌદ રાજલોકમાં પરિભ્રમણ કરતા સર્વો જીવો કર્મવશ છે, તે સર્વને મેં ખમાવ્યા છે. તે સર્વે મને ખમાવે, જે જે મનથી, વચનથી, કાયાથી પાપ કર્યું હોય તે મિથ્યા દુષ્કૃત થાઓ. (નાશ પામો).

**રાત્રે સાત ભયથી મુક્ત થવા 7 નવકાર**

**રાત્રિ પ્રાર્થના**

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરૂણો ।
જિણપણ્ણંત તત્તં, ઇઅ સમ્મત્તં મયે ગહિયેં ॥
ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલીપન્નતો ધમ્મો મંગલં ।
ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગત્તમા,
સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલીપન્નત્તો, ધમ્મો લોગુત્તમો ॥
ચત્તારિ સરણં પવજજામિ, અરિહંતે સરણં પવજ્જામિ ।
સિધ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ,

કેવલનીપન્નત્તં, ધમ્મં સરણં પવજ્જામિ ।।
અનાયાસેન મરણં, વિના દૈન્યેન જીવનમ્ ।।
દેહાન્તે તવ સાન્નિધ્યેં, દેહિ મે પરમેશ્વર ।।
એગોડહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ ।
એવમદીનમણુઓ, અપ્પાણમણુસાસઈ ।।

**રાતનાં સૂતાં આટલું બોલો**

સોનાનું કોડિયું, રૂપાની વાટ
આદીશ્વરનું નામ લેતા, સુખે જાય રાત
નવકાર, નવકાર તું મારો ભાઈ
તારે ને મારી ઘણી સગાઈ
અંત સમયે યાદ આવશોજી
મારી ભાવના શુદ્ધ રાખશોજી.
કાને મારા કુંથુનાથ, આંખે મારા અરનાથ
નાકે મારા નેમનાથ, મુખે મારો મલ્લિનાથ
સહાય કરે શાંતિ નાથ, પરચો પૂરે પાર્શ્વનાથ,
જ્ઞાન મારે ઓશીકે, શીયળ મારે સંથારે,
ભરનિંદ્રામાં કાળ કરૂં તો, વોસિરે વોસિરે વોસિરે.

**મંગલ પ્રાર્થના**

અરિહા શરણં, સિદ્ધ શરણં સહુ શરણં વરીએ,
ધમ્મો શરણં પામી વિનયે, જિન આજ્ઞા શિર ધરીએ.
અરિહા શરણં મુજને હોજો, આતમ શુદ્ધિ કરવા,
સિદ્ધ શરણં મુજને હોજો, રાગ દ્વેષને હણવા,
સાહૂ શરણં મુજને હોજો, સંયમે શુરા બનાવ,
ધમ્મો શરણં મુિજને, હોજો, ભવોદધિથી તરવા,
મંગલમય ચારેનું શરણું, સઘળી આપદા ટાળે,
ચિદ્ઘન કેરી ડૂબતી નૈયા, શાશ્વત નગરે વાળે.
**ભવોભવના પાપોને મારા, અંતરથી હું નીંદું છું;**
**સર્વ જીવોના સુકૃતોને, અંતરથી અનુમોદું છું.**
જગમાં જે જે દુર્જન જન છે, તે સઘળા સજ્જ થાઓ,
સજ્જન જનને મનસુખદાયી, શાંતિનો અનુભવ થાઓ;
શાંતિ જીવો આધિ વ્યાધિને, ઉપાધિથી મુક્ત બનો,
મુક્ત બનેલા પુરૂષોત્તમ આ, સકળ વિશ્વને મુક્ત કરો.
...અરિહા શરણં